# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GSEB RESULT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ-10નું પરિણામ જાહેર કરાયું છે. આ વર્ષે 83.86 ટકા પરિણામ આવ્યું છે. કુલ 7 લાખ 56 હજાર 392 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાં 6 લાખ 34 હજાર 327 વિદ્યાર્થી પ્રમાણપત્રને પાત્ર બન્યા હતાં. રાજ્યમાં સૌથી વધુ 90.85 ટકા પરિણામ સાથે નર્મદા જિલ્લો પ્રથમ ક્રમે છે જ્યારે પંચમહાલ જિલ્લાનું સૌથી ઓછું 76.42 ટકા પરિણામ આવ્યું છે.

ગાંધીનગર જિલ્લાનું આજોલ કેન્દ્ર 100 ટકા પરિણામ સાથે રાજ્યમાં પ્રથમ ક્રમે છે ત્યારે આજોલની શાળાના આચાર્ય દિનેશ પટેલે પ્રતિક્રિયા આપી.

(બાઇટ : દિનેશ પટેલ, આચાર્ય)

જ્યારે દાહોદ જિલ્લાના મુનખોસલા કેન્દ્રનું સૌથી ઓછું 33.74 ટકા પરિણામ આવ્યું છે. એક હજાર 697 શાળાઓનું 100 ટકા પરિણામ આવ્યું છે જ્યારે 164 શાળાઓનું પરિણામ 30 ટકા કરતાં ઓછું રહ્યું છે. કુલ 35 હજાર 508 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે.

# RESULT DISTRICTS

આજે જાહેર કરાયેલ ધો-૧૦નાં પરિણામમાં રાજ્યના 33 જિલ્લા પૈકી ડાંગ જિલ્લાનું 88.17 ટકા પરિણામ આવ્યું છે.જ્યારે મહેસાણા જિલ્લાનું પણ 88.14 ટકા પરિણામ આવ્યું છે. સુરેન્દ્રનગર જિલ્લાએ 88.02 ટકા પરિણામ મેળવીને ઉત્તમ દેખાવ કર્યો છે. ગત વર્ષમાં જિલ્લાનું પરિણામ ૮૫.૬૩ ટકા હતું. બીજી તરફ 100 ટકા પરિણામ ધરાવતી શાળાઓમાં ભાવનગરની શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાનો પણ સમાવેશ થાય છે.

રાજ્યના અન્ય જિલ્લાઓની વાત કરી તો, પાટણ જિલ્લાનું પરિણામ 83.27 ટકા આવ્યું છે જેમાં વડાવલી કેન્દ્રનું સૌથી ઊંચું 96.95 ટકા અને સૌથી નીચું શંખેશ્વર કેન્દ્રનું 65.64 ટકા પરિણામ રહ્યું છે. કચ્છ જિલ્લાનું કુલ પરિણામ 84.64 ટકા નોંધાયું તો જામનગર જિલ્લામાં કુલ 85.08 ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તેમજ દમણ-દીવનું કુલ પરિણામ 91.13 ટકા રહ્યું છે. વલસાડ જિલ્લામાં 401 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો, જ્યારે 48 શાળાઓનું પરિણામ 100 ટકા આવ્યું છે. ડાંગની કુલ 18 શાળાઓએ 100 ટકા પરિણામ મેળવેલ છે. છોટા ઉદેપુર જીલ્લામાં સૌથી વધુ પરિણામ પાવી જેતપુર કેન્દ્રનું 94.34 ટકા, જ્યારે સૌથી ઓછું પરિણામ છોટા ઉદેપુર કેન્દ્રનું 61.51 ટકા રહ્યું છે.

# TAPI BIRD FLUE

તાપીને અડીને આવેલા મહારાષ્ટ્રના નવાપુરમાં બર્ડ ફ્લૂ પોઝીટીવ આવતા ઉચ્છલ ખાતે પશુપાલન વિભાગ સજ્જ થઈને કામગીરીમાં જોતરાયું છે . અત્યારે સુધી લાખોની સંખ્યામાં મરઘાઓને ક્લીંગ કરી લાખો ઈંડાઓનો નાશ કરવામાં આવ્યો છે. ઉચ્છલ ખાતે આવેલ ત્રણ જેટલા પોલટ્રી ફાર્મમાં સર્વેક્ષણની કામગીરીની સાથે સાથે દસ જેટલા ગામોમાં લોક જાગૃતિ અને જ્યાં ઘરેલું પક્ષીઓનો ઉછેર થતો હોય તેવા લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. આ વિષે તાપી જિલ્લા નાયબ પશુપાલન વિભાગના ઇન્ચાર્જ ડો. રવિ ગોંડલિયાએ વધુ માહિતી આપી હતી.

(બાઈટ: ડો. રવિ ગોંડલિયા - ઈનચાર્જ નાયબ પશુપાલન વિભાગ, તાપી)

# BJP MEET

ગાંધીનગરમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક ચાલી રહી છે. અમારાં પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે બેઠકમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના હોદ્દેદારોની પસંદગી પ્રક્રિયા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી રહી છે તેમજ જિલ્લા-તાલુકા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખ, મહાનગરપાલિકાના મેયર સહિતના હોદ્દેદારોના નામો અંગે પણ ચર્ચા કરાઇ હોવાના અહેવાલ છે.

# INDIAN SHIP SAVED BY PAKISTAN NAVY

સમુદ્રમાં ડૂબી રહેલા ભારતીય જહાજને પાકિસ્તાન નૌકાદળે બચાવ્યું છે..

અલંગના શિપ બ્રેકિંગ યાર્ડમાં ભંગાણ માટે આવી રહેલું જહાજ 'એમ.વી. ગૌતમ' અરબી સમુદ્રમાં ટેકનિકલ ખામીને કારણે ડૂબવા લાગ્યું હતું. આ જહાજમાં ૬ ભારતીય અને ૧ ઇન્ડોનેશિયન નાગરિક સહિત કુલ ૭ ક્રૂ મેમ્બરો સવાર હતા.

જહાજ ઓમાનથી તેની અંતિમ સફર શરૂ કરીને અલંગ આવી રહ્યું હતું. ભારત અને પાકિસ્તાન વચ્ચેના રાજદ્વારી તણાવ છતાં, દરિયાઈ કટોકટીના સમયે બંને દેશોએ આંતરરાષ્ટ્રીય મેરીટાઇમ પ્રોટોકોલનું પાલન કરીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# WEATHER

હવામાન વિભાગ તરફથી આગાહી જાહેર કરવામાં આવી છે કે રાજ્યના કેટલાકં ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

કચ્છ, મોરબી, રાજકોટ, અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લાઓમાં વરસાદની સંભાવના વધુ હોવાનું હવામાન વિભાગ દ્વારા જણાવાયું છે.. અમદાવાદ શહેરમાં આજે આકાશમાં વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી છે, જેના કારણે ગરમીમાં થોડી રાહત મળી શકે છે. હવામાન વિભાગના વડા એ કે દાસે વધુ વિગતો આપતા જણાવ્યુ હતું કે હાલમાં સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ સક્રિય બન્યા છે, જેના કારણે વાતાવરણમાં અસ્થિરતા વધી રહી છે. સાથે સાથે બે અલગ અલગ સિસ્ટમ અને ભેજભર્યા પવનના પ્રભાવને કારણે વરસાદી માહોલ સર્જાયો છે.